UGVCL

# આપણું યુજીવીસીએલ

અંક-૧૮, જાન્યુઆરીથી માર્ચ ૨૦૧૩

A+

A+ રેટિંગ પ્રાપ્ત કરી યુજીવીસીએલે ઉત્કૃષ્ટ વીજ વિતરણ કંપની તરીકે સમગ્ર ભારતમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યુ



યુજીવીસીએલના મનજાગૃત મહિલા મંડળ દ્વારા ''બ્લડ ડોનેશન કેમ્પ''નું આયોજન



યુજીવીસીએલ અને એરડા દ્વારા નારોલ ખાતે ટેસ્ટિંગ લેબોરેટરીની સ્થાપના

## ૬૪મા પ્રજાસત્તાક દિનની ઉમળકાભેર ઉજવણી



વર્ષ-૩ અંક-૧૮, જાન્યુઆરીથી માર્ચ ૨૦૧૩
ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત

**સંરક્ષક**
શ્રી એન. શ્રીવાસ્તવ, આઈએએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)

**તંત્રી મંડળ**
શ્રી ડી. સી. પરમાર, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી એસ. આર. પટેલ, મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી ડી. એસ. પટેલ, ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રીમતી છાયાબેન દેસાઈ, વિશેષ મુખ્ય ઇજનેર, સાબરમતી
શ્રી એ. એમ. શાહ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી એમ. કે. રાઠોડ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી એમ. બી. જાકાસણીયા, અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com

**આ અંક આપને કેવો લાગ્યો?**
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

**cs@ugvcl.in**
**managercc@ugvcl.in**
**sanaik_41262@yahoo.co.in**
**cccell@ugvcl.com**

સંકલન : ૨૦/૦૩/૨૦૧૩

# આ અંકમાં

**ઉજવણી**
૬૪મા પ્રજાસત્તાક દિનની ઉમળકાભેર ઉજવણી........ ૦૪
મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી ડી. સી. પરમાર દ્વારા કરવામાં આવેલ ઉદ્‌બોધન અક્ષરશઃ ૦૬
**એવોર્ડ**
A+ રેટિંગ પ્રાપ્ત કરી યુજીવીસીએલે ઉત્કૃષ્ટ વીજ વિતરણ કંપની તરીકે સમગ્ર ભારતમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું........................................ ૦૭
**યુજીવીસીએલ ગૌરવ**.................................................... ૦૮
**સમાચાર**
"મોબાઇલ ઓન સ્પોટ બિલિંગ" પ્રોજેક્ટ................................ ૦૯
**રક્તદાન**
મનજાગૃત મહિલા મંડળ દ્વારા "બ્લડ ડોનેશન કેમ્પ"નું આયોજન........... ૧૦
**લોકાર્પણ**
માણસા પેટા વિભાગીય કચેરીના નવનિર્મિત મકાનનો લોકાર્પણ સમારોહ..... ૧૨
યુજીવીસીએલ અને એરડા દ્વારા નારોલ ખાતે ટેસ્ટિંગ લેબોરેટરીની સ્થાપના... ૧૩
**રમત-ગમત**
ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ વડોદરા દ્વારા વિવિધ રમત-ગમતના કાર્યક્રમોનું કેલેન્ડર.................................. ૧૪
**સંક્ષિપ્ત સમાચાર**
ગુજરાતમાં સૌપ્રથમ ડાર્કઝોન વિસ્તારના ખેતીવાડી વીજજોડાણના ડ્રોની કામગીરી.................................. ૧૫
મહેસાણા વીજ કચેરી ખાતે ગ્રાહક તકરાર નિવારણ ફોરમની બેઠક મળી...... ૧૬
અંબાજી ખાતે યોજાયેલ પેટા વિભાગીય કચેરીના ખાત મુહૂર્તનો કાર્યક્રમ....... ૧૬
ગાંધીનગર ખાતે યોજાયેલ વૃક્ષારોપણ કાર્યક્રમ............................... ૧૭
પાલનપુર ખાતે યોજાયેલ સ્ટાફ ક્વાટ્‌ર્સ ઉદ્‌ઘાટન સમારોહ.................... ૧૭
**સંવેદના**
પિતાને વૃદ્ધાશ્રમે જતા અટકાવશો, તો જન્મારો સફળ ગણાશે................ ૧૮
મહિલા દિન વિશેષ........................................................ ૧૯



**ગુજરાત માટે વધુ ગૌરવપૂર્ણ બાબત એ છે કે જીયુવીએનએલ હસ્તકની તમામ વીજ વિતરણ કંપનીઓને A+ રેટિંગ મળેલ છે અને જેમાં ઉત્તર ગુજરાત વીજ કંપની દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ બાદ દ્વિતીય ક્રમે છે.**

**પ્રિય કર્મચારી મિત્રો,**

નવમા કંપનીદિન નિમિત્તે યુજીવીસીએલના સમગ્ર પરિવારના સભ્યોને ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું.

ગુજરાત વિદ્યુત બોર્ડના પુનર્ગઠન બાદના આપણા અસ્તિત્વને આપ સૌના સહિયારા પુરુષાર્થ દ્વારા આપણે ગૌરવભેર દીપાવ્યું છે અને સાચા અર્થમાં ગ્રાહકલક્ષી તથા સરકારલક્ષી ધ્યેયો પાર પાડવામાં આપણું સામર્થ્ય બતાવ્યું છે તેનો આનંદ અનુભવું છું. કંપનીદિન નિમિત્તે ભવિષ્યમાં આવી જ ચેતનવંતી કામગીરી કરવાની આપણા સૌની ક્ષમતામાં વધારો થાય તેવી અભ્યર્થના.

જાન્યુઆરીથી માર્ચ દરમ્યાન આપણે ઉજવેલ દિવસો પૈકી ૮મી માર્ચના 'મહિલા દિન' નિમિત્તે યુજીવીસીએલના તમામ મહિલા કર્મચારીઓને શુભેચ્છા પાઠવી આપણી સશક્ત મહિલા શક્તિને વંદન કરું છું.

તાજેતરમાં ધોરણ ૧૦-૧૨ અને તમામ કોલેજો-ફેકલ્ટીમાં ભણતા યુજીવીસીએલ પરિવારનાં બાળકોનો પરીક્ષા સારી જાય તે માટે શુભેચ્છા પાઠવું છું અને આવનાર પરિણામ તમામની અપેક્ષા મુજબ આવે તે માટે ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું.

ભારત સરકારના વીજ મંત્રાલય તરફથી પાવર ફાઈનાન્સ કોર્પોરેશન દ્વારા તાજેતરમાં રાષ્ટ્રના જુદા જુદા રાજ્યોની વીજ વિતરણ કંપનીની કામગીરી અંગે નિર્ધારિત ધારાધોરણને અનુલક્ષીને મૂલ્યાંકન હાથ ધરવામાં આવેલ છે. જેમાં સમગ્ર ભારતમાં આપણી કંપની A+ ગ્રેડ (૮૦ ટકાથી ૧૦૦ ટકાની વચ્ચે) સાથે દ્વિતીય ક્રમે આવેલ છે. જે આપણા માટે ગૌરવપૂર્ણ બાબત છે. ગુજરાત માટે વધુ ગૌરવપૂર્ણ બાબત એ છે કે જીયુવીએનએલ હસ્તકની તમામ વીજ વિતરણ કંપનીઓને A+ રેટિંગ મળેલ છે અને જેમાં આપણી કંપની દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ બાદ દ્વિતીય ક્રમે છે. યુજીવીસીએલ વતી આપણે સૌને અભિનંદન પાઠવીએ છીએ.

**એન. શ્રીવાસ્તવ,** આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

**તા. ૨૦-૦૩-૨૦૧૩**

# ૬૪મા પ્રજાસત્તાક દિનની ઉમળકાભેર ઉજવણી

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ મહેસાણાના પટાંગણમાં તા. ૨૬-૧-૨૦૧૩ના રોજ ૬૪માં પ્રજાસત્તાક દિનની ઉમળકાભેર ઉજવણી કંપનીના મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી ડી.સી. પરમારના વરદ હસ્તે રાષ્ટ્રધ્વજ લહેરાવીને કંપનીના મુખ્ય ઇજનેર (પીએન્ડપી), શ્રી એસ.આર. પટેલ, જનરલ મેનેજર (ફાઇનાન્સ), શ્રી આર.બી. કોઠારી, વિશેષ મુખ્ય ઇજનેર, જેટકો શ્રી પી.બી. પટેલ, યુજીવીસીએલ તથા જેટકોના ઉચ્ચ અધિકારીઓ, ભુતપૂર્વ અધિકારીઓ અને કર્મચારી ભાઈઓ-બહેનો અને પરિવારના બાળકોની વિશાળ સંખ્યાની હાજરીમાં કરવામાં આવેલ. શ્રી અજય વખારીયા, નાયબ ઇજનેર દ્વારા તથા યુજીવીસીએલના બાળકો દ્વારા ગીત રજૂ કરવામાં આવેલ. કાર્યક્રમ

**મેરીટ ઓવોર્ડ તથા સન્માનપત્રથી સન્માનિત કર્મચારી/બાળકોની યાદી**

| ક્રમ | કર્મચારીનું નામ અને હોદ્દો | કાર્યસ્થળ | કર્મચારી સાથેનો સંબંધ | માર્કસ/સિધ્ધિ | ધોરણ/સિધ્ધિ | પુરસ્કારની રકમ રૂા. |
|---|---|---|---|---|---|---|
| ૧. | શ્રી એસ.બી. શાહ, જુનિયર પ્રોગ્રામર | મહેસાણા સર્કલ | સુપુત્રી-મેઘાવી | ૯૫ ટકા | ધો. ૧૦ | ૨૫૦/- |
| ૨. | શ્રી બી.ડી. મોરી, એકાઉન્ટ ઓફિસર | મહેસાણા સર્કલ | સુપુત્ર-જયમીન કુમાર | ૮૫.૨૦ ટકા | ધો. ૧૦ | ૨૫૦/- |
| ૩. | શ્રી આર.ડી. રાવલ, ગેસ્ટ હાઉસ મેનેજર | સાબરમતી વીઆઈપી ગેસ્ટ હાઉસ | સુપુત્ર-ધ્રુવ | આઈસીડબલ્યુ એઆઈ ફાઇનલ પરીક્ષા પાસ | આઈસીડબલ્યુ એઆઈ ફાઇનલ | ૧૦૦૦/- |
| ૪. | શ્રી આર.એસ. પટેલ, ભુતપૂર્વ અધિક્ષક (એકાઉન્ટ્સ) | મહેસાણા સર્કલ | સુપુત્ર-તિર્થ | ૯૧.૩૩ ટકા | ધો. ૧૨ | ૫૦૦/ |
| ૫. | શ્રી વાય.એસ. રાવલ, જુની. એન્જિનિયર | રાધનપુર ડિવિઝન | પોતે | આણંદ ખાતે એમજીવીસીએલના યજમાન પદે યોજાયેલ ઇન્ટર કંપની વોલિબોલ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બનેલ યુજીવીસીએલ ટીમના સભ્ય થવા બદલ | એઆઈઈએચસીબી ટુર્નામેન્ટની વોલિબોલ ટુર્નામેન્ટ માટેની ટીમના સભ્યો તરીકે પસંદગી થવા બદલ | રોક્કડ રકમનો પુરસ્કાર તથા સન્માનપત્રથી સન્માનિત |
| ૬. | શ્રી વી.ડી. ચૌધરી, જુની. આસિસ્ટન્ટ | રાધનપુર ડિવિઝન | પોતે | | | |
| ૭. | શ્રી એમ.આર. ચૌધરી, જુની. આસિસ્ટન્ટ | પાલનપુર (ટાઉન) સબડિવિઝન | પોતે | | | |
| ૮. | શ્રી એચ.આર. નિનામા, હેલ્પર | હિંમતનગર (રુરલ) સબડિવિઝિન | પોતે | | | |
| ૯. | શ્રી કે.જે.કલાસવા, આસ્ટિસ્ટન્ટ લાઇનમેઇન | મહેસાણા (ટાઉન) સબડિવિઝન | પોતે | | | |
| ૧૦. | શ્રી ડી.જે. ફેરા, હેલ્પર | લાખણી, સબડિવિઝન | પોતે | | | |
| ૧૧. | શ્રી આઈ.જે. ગામેતી, હેલ્પર | ખેડબ્રહ્મા સબડિવિઝન | પોતે | | | |
| ૧૨. | શ્રી વી.એચ. અસારી, સહાયક સચિવ | હિંમતનગર સર્કલ | પોતે | | | |
| ૧૩. | શ્રી એસ.આર. પટેલ, જુની. આસિસ્ટન્ટ | ઉંઝા (રુરલ) સબડિવિઝન | પોતે | | | |
| ૧૪. | શ્રી ડી.કે. દામા, હેલ્પર | કડી-૨ સબડિવિઝન | પોતે | | | |
| ૧૫. | શ્રી દિલીપભાઈ ડામોર, કોચ-વોલિબોલ ટીમ | - | પોતે | ઇન્ટર કંપની વોલિબોલ ટીમના કોર્ચ તરીકે બજાવેલ ફરજ માટે | - | |

દરમિયાન ઉચ્ચ ગુણ મેળવનારા તથા રમત-ગમત ક્ષેત્રે યશસ્વી દેખાવ કરનાર કર્મચારીઓને રોક્કડ પુરસ્કાર તથા સન્માનપત્રથી સન્માનિત કરવામાં આવેલ. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સન્માનિત બાળકો અને કર્મચારીઓ સાથે યાદગીરી માટે ફોટોગ્રાફી કરવામાં આવેલ અને અલ્પાહાર લઈને કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવેલ.



| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૬. | શ્રી એ.પી. પટેલ, સહાયક સચિવ | આરએન્ડસી ઓફિસ, મહેસાણા | પોતે | ઇન્ટર કંપની બ્રિજ ટુર્નામેન્ટમાં રનર્સઅપ ટીમના સભ્ય થવા બદલ | - | સન્માનપત્રથી સન્માનિત |
| ૧૭. | શ્રી કે.એસ. સીંધી, નાયબ ઇજનેર | આરએન્ડસી ઓફિસ, મહેસાણા | પોતે | | | |
| ૧૮. | શ્રી એ.કે. પટેલ, ટ્રેસર | મહેસાણા, સર્કલ | પોતે | | | |
| ૧૯. | શ્રી એમ.પી. સાક્ય, જુની. ઇન્જિનિયર (સિવિલ) | સાબરમતી સર્કલ ઓફિસ | પોતે | | | |
| ૨૦. | શ્રી સી.વી. જોશી, નાયબ ઇજનેર | સિધ્ધપુર વિભાગીય કચેરી | પોતે | | | |
| ૨૧. | શ્રી આર.એન. મોઢ, નાયબ ઇજનેર | સિધ્ધપુર (રુરલ) સબડિવિઝન | પોતે | | | |
| ૨૨. | શ્રી આર.એમ. ચૌધરી, હેલ્પર | ડિસા, (રજિસ્ટર્ડ) સબડિવિઝન | પોતે | સુરત ખાતે ડિજીવીસીએલના યજમાનપદે યોજાયેલ ઇન્ટર કંપની કબડ્ડી ટુર્નામેન્ટમા રર્નસઅપ ટીમના સભ્યો થવા બદલ | એઆઈઈએસસીબીની કબડ્ડી ટુર્નામેન્ટ માટેની ટીમના સભ્યો તરીકે પસંદગી થવા બદલ | સન્માનપત્રથી સન્માનિત |
| ૨૩. | શ્રી એમ.આર. લોહ, જુનિયર એન્જિનિયર | કોઠ, સબડિવિઝ | પોતે | | | |
| ૨૪. | શ્રી એમ.આર. અસોડા, વોચમેન | હિંમતનગર સર્કલ | પોતે | | | |
| ૨૫. | શ્રી એલ.ડી. પટેલ, સિનિયર આસિસ્ટન્ટ | ગાંભોઈ, સબડિવિઝન | પોતે | | | |
| ૨૬ | શ્રી એચ.આર. નિનામા, હેલ્પર | હિંમતનગર (રુરણ) સબડિવિઝન | પોતે | | | |
| ૨૭. | શ્રી એમ.કે. ડાભી, સિનિયર આસિસ્ટન્ટ | હિંમતનગર (ટાઉન) સબડિવિઝન | પોતે | | | |
| ૨૮. | શ્રી એ.કે. ડામોર, જુની. આસિસ્ટન્ટ | ભિલોડા-૧, સબડિવિઝન | પોતે | | | |
| ૨૯. | શ્રી એમ.કે. પટેલ, જુની. આસિસ્ટન્ટ | ડિસા, (રુરલ) સબડિવિઝન | પોતે | | | |
| ૩૦. | શ્રી પી.પી. પટેલ, હેલ્પર | દાતા (રુરલ) સબડિવિઝવ | પોતે | | | |
| ૩૧. | શ્રી એસ.ડી. ફનેજા, નાયબ અધિક્ષક (વહિવટ) | ભિલોડા, વિભાગીય કચેરી | પોતે | | | |
| ૩૨. | શ્રી બી.જી. કોએટિયા, જુની. આસિસ્ટન્ટ | ડિસા, ડિવિઝન-૧ | પોતે | | એઆઈઈએસસીબીની ક્રિકેટ ટુર્નામેન્ટ માટેની ટીમના સભ્યો તરીકે પસંદગી થવા બદલ | સન્માનપત્રથી સન્માનિત |

# મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી ડી. સી. પરમાર દ્વારા કરવામાં આવેલ ઉદ્‌બોધન અક્ષરશઃ

૬૪મા પ્રજાસત્તાક દિન નિમિત્તે ઉપસ્થિત ઉત્તર ગુજરાત વીજ કંપની તથા જેટકોના કર્મચારી ભાઈ-બહેનો, બાળકો તથા નિવૃત્ત અધિકારીઓને પ્રજાસત્તાક દિન નિમિત્તે હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. ૧૯૫૦ની ૨૬મી જાન્યુઆરીએ આપણે સ્વતંત્ર બંધારણ અમલમાં મૂકીને આપણું વહીવટી માળખું સુદૃઢ બનાવ્યું ત્યારથી આપણે પર્વ તરીકે ઉજવણી કરી રહ્યા છીએ.

બંધારણીય હક્કો અને જવાબદારી દ્વારા સ્વાતંત્ર ભારતના નાગરિક તરીકે આપણું કર્તવ્ય બજાવ્યાને આજ ૬૩ વર્ષ પૂર્ણ કરી આપણે ૬૪મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. ત્યારે રાજ્ય સરકાર હસ્તકની વીજ વિતરણ કંપની તરીકે લોકોની સેવા કરવાની આપણને અમૂલ્ય તક મળી છે. ત્યારે સમગ્ર ભારત વર્ષની શ્રેષ્ઠ વીજ વિતરણ કંપની હોવાની વાત આપણને ગૌરવ અપાવે તેવી છે. છેલ્લા આઠ વર્ષમાં કાર્યક્ષેત્રમાં ઉચ્ચ ધોરણો પ્રસ્થાપિત કરીને સૌના સહિયારા પુરુષાર્થ દ્વારા પ્રાપ્ત કરેલ ઉચ્ચ સ્થાન એ આપણા માટે તેમ જ આપણી કંપની માટે સાચા અર્થમાં સૂવર્ણકાળ પુરવાર થયેલ છે. ખૂબ ઝડપભેર આ સ્થાન પ્રાપ્ત કર્યુ છે, પણ મિત્રો તેનાથી વિશેષ મહત્ત્વની બાબત આપણા માટે આ સ્થાન ટકાવી રાખવું છે. આપ સર્વેની ક્ષમતામાં મને પૂર્ણ વિશ્વાસ છે કે, આ કામ પણ આપણે ખૂબ જ સારી રીતે કરતા રહીશું અને આગળ વધતા રહીશું.

કંપનીના નિવૃત્ત કર્મચારીઓએ સખત પરિશ્રમ દ્વારા લોહી રેડીને કંપનીની વિકાસગાથા ઘડવાનું અદ્‌ભુત કાર્ય કરેલું.

મિત્રો, આ વર્ષે આપણને વિવિધ કામગીરી માટે એવોડ્ર્ઝ મળ્યા છે તેનો હું ઉલ્લેખ કરવા માગું છું. જેમાં ‘‘વીજ વિતરણ’’ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે ‘‘પાવર લાઇન એવોર્ડ’’ તેમ જ ગ્રામ્ય વીજ વિતરણ ક્ષેત્રે તાજેતરમાં પ્રાપ્ત થયેલ ‘‘ઇન્ડિયા પાવર એવોર્ડ-૨૦૧૨’’. આમ છેલ્લા આઠ વર્ષથી આપણે રાષ્ટ્રિય તેમ જ રાષ્ટ્રિયકક્ષાના સતત એવોડ્ર્ઝ મેળવી રહ્યા છીએ. જે ગૌરવપૂર્ણ બાબત છે. આપણા સન્માનનિય








મેનેજિંગ ડિરેક્ટરશ્રીની રાહબરી નીચે આપણી કંપની સમગ્ર દેશમાં એક પ્રતિષ્ઠિત કંપની તરીકેની નામના મેળવી ચૂકી છે.

આપણો ભૂતકાળ ભવ્ય છે, વર્તમાન પ્રગતિશીલ છે અને ભવિષ્ય ઉજ્જ્વળ છે. ગત વર્ષે આપણે ‘‘આરએપીડીઆરપી’’ના અનેક કામો કરી શહેરી ગ્રાહકોની સેવામાં સરસ નેટવર્ક તૈયાર કર્યા છે. ગ્રાહક લક્ષી અભિગમના ભાગરૂપે કંપનીના કાર્યદક્ષ ઇજનેરો દ્વારા સતત સંશોધનાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. તેના પરિણામ સ્વરૂપે આપણે પાયલોટ એડ્‌વાન્સ્ડ ટ્રાન્સફોર્મર (PAT)ના આવિષ્કાર કરેલ છે. જેના લીધે ગ્રામ્ય વીજ વિતરણક્ષેત્રે વધુ અનુકૂળ પરિસ્થિતિનું નિર્માણ કરી શકીશું. આ સંશોધનોમાં આપણે મેસર્સ વિધા ઇલેક્ટ્રોટ્રાન્સ ઇન્સ્ટ્રીઝ સાથે મળીને પેટન્ટ એપ્લિકેશન રજિસ્ટર્ડ કરેલ છે. જેના કાર્યક્ષમ ઉપયોગ સમગ્ર રાષ્ટ્ર માટે ભવિષ્યમાં આશીર્વાદરૂપ રહેશે તેવી મને આશા છે.

ચાલુ વર્ષે ગુજરાત સરકારના વાઇબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર સમીટ ૨૦૧૩ કાર્યક્રમમાં આપની કંપનીએ વીજ વિતરણ સબંધિત આઠ એમઓયુ કરેલ છે. ભારતભરમાં સ્માર્ટગ્રીડના પાઇલોટ પ્રોજેક્ટ માટે પસંદ કરવામાં આવેલ ૧૪ વીજ કંપનીઓમાં ગુજરાતની એક માત્ર ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ ઉપર પસંદગી ઉતારવામાં આવી છે. આ દર્શાવે છે કે આપની કંપની એક જીવંત અને પ્રગતિશીલ કંપની છે.

કંપનીમાં રમત-ગમતનો માહોલ પણ સુંદર રીતે કાર્યરત છે, આપણા સન્માનનિય મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ પણ રમત-ગમત ક્ષેત્રે ઊંડો રસ અને સૂઝ ધરાવે છે. આપણે ગત વર્ષે એક ખૂબ સુંદર સ્પોર્ટ્સમીટનું પણ આયોજન કરેલ હતું. સતત પ્રગતિશીલ વાતાવરણ ધરાવતી આપણી આ કંપનીમાં સ્માર્ટગ્રીડ અને ડીએસએમ જેવા નવા કન્સેપ્ટ પણ ઉમેરાય છે.

વીજ બચત ક્ષેત્રે તો આપણે કામ કરી રહ્યા છીએ પણ મિત્રો વીજ સુરક્ષા માટે પણ કામ કરવું પડશે. કંપનીનો પ્રત્યેક કર્મચારી કંપનીની અમૂલ્ય અસ્ક્યામત છે. સાવચેતી પૂર્વક વીજ સુરક્ષાના સાધનો સાથે રાખીને કામ કરશું તો આપણા તથા આપના કુટુંબીજનોની ખુશહાલ બરકરાર રાખી શકીશું.

વ્હાલાં કર્મચારી મિત્રો આપણે સૌ નિષ્ઠાપૂર્વક અથાગ પ્રયત્નોથી આપણી આ કંપનીને વિશ્વસ્તરની વીજ વિતરણ કંપની તરીકે પ્રસ્થાપિત કરીએ એ જ અભ્યર્થના...

આમ, ફરી વાર પ્રજાસત્તાક દિન નિમિત્તે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી વીરમું છું. ■

# A+ રેટિંગ પ્રાપ્ત કરી યુજીવીસીએલે ઉત્કૃષ્ટ વીજ વિતરણ કંપની તરીકે સમગ્ર ભારતમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું

## દક્ષિણ ગુજરાત વીજ કંપની સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમે

ગ્રાહકલક્ષી તેમ જ સરકારલક્ષી અભિગમને કેન્દ્ર સ્થાને રાખીને છેલ્લા આઠ વર્ષથી કાર્યરત એવી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ કંપનીએ વીજ વિતરણક્ષેત્રે સમગ્ર ભારતમાં પોતાની આગવી પ્રતિભા ઊભી કરી છે. સમર્પિત કર્મચારીગણ અને દૂરંદેશી વહીવટકર્તાઓના સતત પ્રયત્નોને કારણે કંપનીએ એક પછી એક મહત્ત્વની સિદ્ધિઓ પ્રાપ્ત કરી સમગ્ર ભારતમાં ગુજરાતને ગૌરવ અપાવવાનું કાર્ય હાથ ધરેલ છે.

જ્યોતિગ્રામ યોજનાના અમલીકરણ બાદ સમગ્ર રાષ્ટ્રને ગ્રામ્ય વિસ્તારોમાં સતત ૨૪ કલાક વીજળી આપી શકાય તેવો રાહ ચીંધતાં, જાહેરક્ષેત્રની પ્રથમ વીજ વિતરણ કંપની તરીકે પોતાની વિકાસશીલ કામગીરીનો પરચો આપ્યા બાદ યુજીવીસીએલ કંપનીએ સિદ્ધિઓની હારમાળા સર્જી છે. એટલું જ નહીં, કંપનીએ વીજગતિએ વિવિધ કાર્યોનો અમલ હાથ ધરીને ઉત્તર ગુજરાતના સામાજિક અને આર્થિક જીવનમાં આમૂલ પરિવર્તન લાવવાનું ભગીરથ કાર્ય પણ ઉપાડ્યું છે.

તાજેતરમાં કંપનીની સિદ્ધિગાથામાં એક નવું સોનેરી પ્રકરણ ઉમેરાયું છે.

ભારત સરકારના વીજ મંત્રાલય તરફથી સમગ્ર ભારતની તમામ વીજ વિતરણ કંપનીની કામગીરીના મૂલ્યાંકન માટે ચોક્કસ સૂચકાંક નક્કી કરવામાં આવેલ છે. સૂચકાંક નક્કી કરવા માટે ભારત સરકાર તરફથી ‘‘ઇન્ફેકશન કંટ્રોલ રીસ્ક એસેસમેન્ટ (આઇસીઆરએ) લિમિટેડ અને ક્રેડિટ એનાલિસિસ એન્ડ રીસર્ચ લિમિટેડ નામની સંસ્થાને નિયુક્ત કરેલ.

દેશનાં અલગ અલગ રાજ્યોની વીજ વિતરણ કંપનીઓનું રેટિંગ કરવા માટે ભારત સરકારના વીજ મંત્રાલયે એક સંકલિત રેટિંગ પદ્ધતિ વિકસાવી હતી અને જુલાઈ ૨૦૧૨માં યોજાયેલ તમામ રાજ્યોના ઊર્જા મંત્રીઓની કોન્ફરન્સમાં તે અંગેની રજૂઆત કરવામાં આવી હતી. વિતરણ કંપનીઓની આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તેમ જ, નિષ્પક્ષ રેટિંગ વ્યવસ્થાથી ભવિષ્યના ફંડિંગનો આધાર તૈયાર કરવા માટે આ પહેલ કરવામાં આવી છે.

આ રેટિંગ નક્કી કરવા માટેના મુખ્ય હેતુ નીચે પ્રમાણે છે :

(૧) વિતરણ કંપનીઓની કાર્યપદ્ધતિઓ અને આર્થિક કામગીરીમાં સુધારો થઈ શકે એ માટે તેમને અપાતાં પ્રોત્સાહનો વધારવા કે ઘટાડવા માટેનું એક વ્યવસ્થાતંત્ર ઊભું કરવું (૨) વિવિધ વિતરણ કંપનીઓને ધિરાણ આપવા સાથે સંકળાયેલ જોખમોની બેંકો/નાણાકીય સંસ્થાઓ દ્વારા વાસ્તવિક સમીક્ષાની સવલત પૂરી પાડવી તેમ જ યોગ્ય ધિરાણોથી ભંડોળની વ્યવસ્થા કરવી જેથી કંપનીઓની કાર્યલક્ષી, આર્થિક અને વ્યવસ્થાપન સંબંધિત કામગીરી સુધારી શકાય. (૩) આર-એપીડીઆરપી, એનઇએફ વગેરે જેવી યોજનાઓ દ્વારા રાજ્યના વીજ ક્ષેત્રને સરકારી સહાય માટે એક આધાર આપી શકે.

વીજ મંત્રાલયે પાવર ફાઇનાન્સ કોર્પોરેશનને રેટિંગની કવેયતનું સંકલન કરવાની જવાબદારી સોંપી હતી, જેણે આઇસીઆરએ અને સીએઆરઇની નિમણૂક કરી છે. આ કામગીરી રાજ્યના વીજ/ઊર્જા વિભાગ તથા ખાનગીક્ષેત્રની વીજ વિતરણ સંસ્થાઓને આવરી લેતી નથી.

કુલ ૩૯ જેટલી સંસ્થાઓની કામગીરી માપદંડ સાથે મૂલવવામાં આવેલ જેમાં ૨૦ જેટલી સંસ્થા ‘આઇસીઆરએ’ (ઇકરા) અને ૧૯ જેટલી સંસ્થાઓની કામગીરી ‘સીએઆરઇ’ દ્વારા કરવામાં આવેલ છે. આ રેટિંગ આર્થિક માપદંડોને ધ્યાનમાં રાખીને આપવામાં આવેલા છે. યુજીવીસીએલને અત્યાર સુધી પ્રાપ્ત થયેલ સિદ્ધિઓ અને એવોર્ડ્ઝ સર્વગ્રાહી કામગીરી જેવી કે ગ્રાહકલક્ષી, યાંત્રિક તેમ જ આર્થિક બાબતોના આધારે મળ્યા છે, જ્યારે આ સિદ્ધિ આર્થિક કામગીરીને લક્ષમાં લઈને જ પ્રાપ્ત થયેલ છે. જેને લઈને કંપનીની આર્થિક કામગીરી માટે હકારાત્મક પ્રતિભાવ જોવા મળે છે.

**વીજ વિતરણ કંપનીઓના ગ્રેડિંગ સ્કેલ અને ગ્રેડ નીચે પ્રમાણે છે**

| મળેલા આંક | ગ્રેડ (કક્ષા) | કુલ સંસ્થાઓ | ગ્રેડિંગની વ્યાખ્યા |
|---|---|---|---|
| ૮૦ અને ૧૦૦ વચ્ચે | A+ | ૪ | ખૂબ ઊંચી કામગીરી અને આર્થિક કામગીરી ક્ષમતા |
| ૬૫ અને ૮૦ની વચ્ચે | A | ૨ | ઊંચી કામગીરી અને આર્થિક કામગીરી ક્ષમતા |
| ૫૦ અને ૬૫ની વચ્ચે | B+ | ૧૧ | મધ્યમ કામગીરી અને આર્થિક કામગીરી ક્ષમતા |
| ૩૫થી ૫૦ની વચ્ચે | B | ૧૦ | સરેરાશથી નીચેની કામગીરી અને આર્થિક કામગીરી ક્ષમતા |
| ૨૦થી ૩૫ની વચ્ચે | C+ | ૮ | નિમ્ન કામગીરી અને આર્થિક કામગીરી ક્ષમતા |
| ૦થી ૨૦ની વચ્ચે | C | ૪ | ખૂબ નિમ્ન કામગીરી અને આર્થિક કામગીરી ક્ષમતા |

ગુજરાત માટે ગૌરવની વાત એ છે કે, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. હસ્તકની ચારેય વીજ વિતરણ કંપનીઓને A+ રેટિંગ મળ્યું છે.જેમાં દક્ષિણ ગુજરાત વીજ કંપની લી. પ્રથમ સ્થાને છે. યુજીવીસીએલ દ્વિતિય ક્રમે, એમજીવીસીએલ તૃતિય ક્રમે તેમ જ પીજીવીસીએલ ચોથા ક્રમે આવેલ છે. કંપનીના ઉચ્ચ અધિકારીઓ તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવી ભાવિ સફળ કામગીરી માટે શુભેચ્છા પાઠવેલ છે. ■

# ઊર્જા રીક્રિએશન કલબ, મહેસાણા

તારીખ ૧૮-૨-૨૦૧૩ના રોજ જેટકોના કોન્ફરન્સહોલમાં જેટકો-યુજીવીસીએલ રીક્રિએશન કલબની કારોબારીની મિટિંગનું આયોજન કરવામાં આવેલ. સદર મિટિંગમાં રીક્રિએશન કલબનું નવું નામ ઊર્જા રીક્રિએશન કલબ રાખવાનું સર્વ સંમતિથી નક્કી કરવામાં આવેલ. બદલી થઈને ગયેલ પ્રમુખ શ્રી જે.વી. તેતરને મોમેન્ટો આપીને તેઓશ્રીની આદર્શ કામગીરીનું સન્માન કરવામાં આવેલ. સર્વ સંમતિથી નીચે જણાવ્યા મુજબના હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવેલ.

| ક્રમ | નામ | હોદ્દો | કંપનીનો હોદ્દો |
|---|---|---|---|
| ૧. | શ્રી એસ. વાય. ડામોર | પ્રમુખ | નાયબ મહાપ્રબંધ, યુજીવીસીએલ |
| ૨. | શ્રી એસ. પી. પટેલ | ઉપપ્રમુખ | કાર્યપાલક ઇજનેર, યુજીવીસીએલ |
| ૩. | શ્રી એસ. એ. પટેલ | ઉપપ્રમુખ | કાર્યપાલક ઇજનેર, યુજીવીસીએલ |
| ૪. | શ્રી એસ. એ. નાયક | સેક્રેટરી | આસિસ્ટન્ટ મેનેજર (પી.આર.) |
| ૫. | શ્રી વી. એ. પટેલ | જોઇન્ટ સેક્રેટરી | નાયબ ઇજનેર, યુજીવીસીએલ |
| ૬. | શ્રી વી. જે. પટેલ | ટ્રેઝરર | નાયબ ઇજનેર, જેટકો |

**કારોબારીમાં નીચે જણાવેલ સભ્યોને નિમવામાં આવલે છે.**

| ક્રમ | નામ | હોદ્દો | કંપની |
|---|---|---|---|
| ૧. | શ્રી કે. એસ. સિંઘી | નાયબ ઇજનેર | યુજીવીસીએલ |
| ૨. | શ્રી અજય વખારીયા | નાયબ ઇજનેર | યુજીવીસીએલ |
| ૩. | શ્રી આર. એન. નાયક | જુનિયર આસિસ્ટન્ટ | યુજીવીસીએલ |
| ૪. | શ્રી એન. ડી. ગોસ્વામી | સિનિયર આસિસ્ટન્ટ | યુજીવીસીએલ |
| ૫. | શ્રી આર. એન. પરમાર | જુનિયર આઈ.ઓ. | યુજીવીસીએલ |
| ૬. | શ્રી અરવિંદભાઈ કે. પટેલ | ટ્રેસર | યુજીવીસીએલ |
| ૭. | શ્રી. વી. એચ. અસારી | આઈ.આર.ઓ. | યુજીવીસીએલ |

# કુ. નિસર્ગી જોષી દ્વારા ભારત નાટ્યમ્

કુ. નિસર્ગી જોષી, સુપુત્રી શ્રી નીતિનકુમાર એન. જોષી, કંપની સેક્રેટરી દ્વારા તા. ૧૭-૨-૨૦૧૩ને રવિવારના રોજ ઓડિટોરીયમ હોલ, નહેરૂ ફાઉન્ડેશન, અમદાવાદ ખાતે પંરપરા એવમ્ સાંસ્કૃતિક મહોત્સવ ૨૦૧૩ના કાર્યક્રમ કે જેનું આયોજન પરંપરા એકેડેમી ઓફ પરફોર્મિંગ આર્ટ્સના શ્રીમતી બીજલ હરિયાના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવેલ જેમાં ભારત નાટ્યમ્ રજૂ કરી ઉપસ્થિત દર્શકોને મંત્રમુગ્ધ કરેલ. કુ. નિસર્ગી શ્રીમતી બીજલ હરિયાના માર્ગદર્શન હેઠળ છેલ્લાં પાંચ વર્ષથી ભારત નાટ્યમ્‌ની તાલીમ મેળવી રહેલ છે. વિશારદનો કોર્સ ૧૦ વર્ષનો છે. સફળ નૃત્ય રજૂ કરવા બદલ યુજીવીસીએલ પરિવાર હાર્દિક અભિનંદન પાઠવે છે અને ભવિષ્યમાં ભારત નાટ્યમ્‌માં વિશારદ થઈ ઉત્તોરઉત્તર આગળ વધે એ માટે ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવે છે. ■



# સીએસના એક્ઝિક્યુટીવ કોર્સમાં ઉત્તિર્ણ



ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસમાં એકાઉન્ટ ઓફિસર તરીકે ફરજ બજાવતા શ્રી ઉન્નત ડી. પંચાલે તાજેતરમાં સીએસ એક્ઝિક્યુટીવ પ્રોગ્રામની જૂન-૨૦૧૨ અને ડિસેમ્બર-૨૦૧૨ની પરીક્ષા પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ કરેલ છે. યુજીવીસીએલ પરિવાર અભિનંદન આપી ભવિષ્યની ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છા પાઠવે છે. ■

# થાઈલેન્ડની ટુર્નામેન્ટમાં યુજીવીસીએલ!



ધી રોયલ બેંગકોક સ્પોર્ટ્સ કલબ દ્વારા તારીખ ૨૧થી ૨૪ ફેબ્રુઆરી ૨૦૧૩ દરમ્યાન 'સીક્સિઝ' ટુર્નામેન્ટનું થાઈલેન્ડ ખાતે આયોજન કરવામાં આવેલ. ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના શ્રી ભાર્ગવ જોષી (જુનિયર આસિસ્ટન્ટ, કલોલ) એ આ સ્પર્ધામાં ભાગ લીધેલ. શ્રી ભાર્ગવ જોષીએ મગ્રા ક્રિકેટ કલબનું પ્રતિનિધિત્વ કરેલ અને બોલર તરીકે બે વિકેટ ઝડપેલ. શ્રી ભાર્ગવ જોષી ઉત્તર ગુજરાત વીજ કંપનીના ઇન્ટર કંપની ક્રિકેટ ટીમમાં પસંદગી પામેલ ખેલાડી છે. યુજીવીસીએલ પરિવાર અભિનંદન પાઠવી ભવિષ્યની સફળતા માટે શુભેચ્છા પાઠવે છે. ■

# “મોબાઈલ ઓન સ્પોટ બિલિંગ” પ્રોજેક્ટ

કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા મહેસાણા શહેર વિસ્તારમાં આવેલા મહેસાણા સિટી, મહેસાણા ઈન્ડેસ્ટ્રિયલ, મહેસાણા હાઈવે તથા મહેસાણા ગ્રામ્ય વિસ્તારના નાયબ ઈજનેરશ્રીએ એક નાની મિટિંગનું આયોજન તા. ૭/૧૨/૨૦૧૨ના રોજ કરવામાં આવેલ. જેમાં મહેસાણા બિલિંગ પ્રોગ્રામ દરમ્યાન મીટરનું રિડિંગ સ્થળ ઉપર લઈ મોબાઈલ વાનમાં લેપટોપ/પ્રિન્ટરની વ્યવસ્થા ઊભી કરી તેમાં રિડિંગની નોંધ કરી પ્રિન્ટ કરેલું બીલ તરત જ ગ્રાહકને આપવું જોઈએ તેવો સૂચન કરવામાં આવેલ.




મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તના સૂચનની મુખ્ય ઈજનેરશ્રી (ઓપરેશન) તથા જનરલ મેનેજરશ્રી (ફાયનાન્સ) દ્વારા ખાસ નોંધ લઈ તા. ૧૦/૧૨/૨૦૧૨ના રોજ કોર્પોરેટ ઓફિસમાં મિટિંગ બોલાવવામાં આવેલ. જેમાં આ અંગેના તમામ જરૂરી સૂચનો આપેલ. જે પૈકી મહેસાણા સિટી સબડિવિઝનમાં આ ખાસ પ્રોજેક્ટને ટ્રાયલ બેઝ ઉપર અમલ કરવાની સૂચના આપેલ. જેમાં આ “મોબાઈલ ઓન સ્પોટ બિલિંગ” પ્રોજેક્ટની સંપૂર્ણ જવાબદારી વર્તુળકચેરીના નાયબ ઈજનેરશ્રી જે. કે. દરજી તથા અધિક્ષક (હિસાબ) શ્રી કે. બી. કોઠારીને સોંપવામાં આવેલ.




વિશેષ મુખ્ય ઈજનેરશ્રી (વીજીલન્સ) તથા અધિક્ષક ઈજનેરશ્રી, મહેસાણાના માર્ગદર્શન હેઠળ નાયબ ઈજનેર શ્રી જે. કે. દરજી, નાયબ ઈજનેર શ્રી ડી. એન. પટેલ તથા અધિક્ષક (હિસાબ) શ્રી કે. બી. કોઠારી દ્વારા ત્રણ દિવસના ટૂંકા ગાળામાં લેપટોપ, પ્રિન્ટર, ઈન્વર્ટર, બેટરી, બીલ ફોર્મ, મેટાડોર વગેરે તમામ વ્યવસ્થા કરી તા. ૧૫/૧૨/૨૦૧૨ના રોજ મહેસાણા સિટીમાં સ્થળ ઉપર જ પ્રિન્ટ કરેલ આ પ્રમાણે બીલ આપવાની શરૂઆત કરેલ હોય તેવી યુજીવીસીએલ કંપની સર્વ પ્રથમ વીજ વિતરણ કંપની છે. આ રીતે બીલ આપવાથી બીલમાં કોઈ પણ પ્રકારની ભૂલ રહેતી નથી તથા ગ્રાહક ઉપર કંપનીની એક આગવી છાપ ઊભી થાય છે.

મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્ત, મુખ્ય ઈજનેરશ્રી (ઓપરેશન) શ્રી ડી.સી. પરમાર તથા જનરલ મેનેજર (ફાઈનાન્સ) શ્રી આર.બી. કોઠારીએ પ્રોજેક્ટ તથા બીલ કઈ રીતે પ્રિન્ટ થાય તે વિગત રૂબરૂ મુલાકાત લઈને નિહાળી હતી અને આ પ્રોજેક્ટ આગામી બિલિંગ પ્રોગ્રયામમાં પણ અમલ કરી વધુ અભ્યાસ કરવા સૂચના આપેલ હતી. તેમજ આ પ્રોજેક્ટમાં જોડાયેલ તમામ કર્મચારીઓની સફળ કામગીરીને બીરદાવી હતી. મુખ્ય ઈજનેરશ્રી (પીપી) શ્રી જણાવી કામગીરીને બિરદાવી હતી. જનરલ મેનેજરશ્રી (ફાઈનાન્સ) દ્વારા “મોબાઈલ ઓન સ્પોટ બિલિંગ” પ્રોજેક્ટ કંપનીને ફાયદારૂપ થાય તે રીતે પૂરો કરવા અનુરોધ કરેલ. ■



# મનજાગૃત મહિલા મંડળ દ્વારા "બ્લડ ડોનેશન કેમ્પ"નું આયોજન

**યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ તથા નિવૃત્ત થઈ રહેલ વિશેષ મુખ્ય ઈજનેર શ્રી સુરેશભાઈ શહદાદપુરીએ બ્લડ ડોનેશન કરીને ઉપસ્થિત કર્મચારીઓનો ઉત્સાહ વધારેલ.**

તા. ૩૧/૦૧/૨૦૧૩ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લી., મહેસાણાની રિક્રિએશન કલબ ખાતે મન જાગૃત મહિલા મંડળ અને રોટરી કલબ, વિસનગરના સંયુક્ત ઉપક્રમે એક બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરેલ. કુલ ૭૫ જેટલા રક્તદાતાઓએ "બ્લડ ડોનેશન" કરેલ. યુજીવીસીએલ તથા જેટકોના ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓએ ખૂબ ઉત્સાહ દર્શાવેલ. યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ તથા નિવૃત્ત થઈ રહેલ વિશેષ મુખ્ય ઈજનેર શ્રી સુરેશ શાહદાદપુરીએ બ્લડ ડોનેશન કરીને ઉપસ્થિત કર્મચારીઓનો ઉત્સાહ વધારેલ.

શ્રી એસ. આર, પટેલ, મુખ્ય ઈજનેર (પી એન્ડ પી) તથા શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઈનાન્સ) દ્વારા દીપ પ્રાગટ્ય કરીને "બ્લડ ડોનેશન કેમ્પ" શરૂ કરાવેલ. મનજાગૃત મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી રમીલાબહેન ચૌધરી, શ્રીમતી મીતાબહેન ભટ્ટ, જ્યોત્સનાબહેન રાઠોડ તથા રોટરી કલબના પ્રમુખ અને યુજીવીસીએલના નાયબ ઈજનેર શ્રી વી. એ. પટેલે સદર કેમ્પનું સુંદર આયોજન કરી સફળ બનાવેલ.



## રક્તદાતાઓની નામાવલિ

| ક્રમ | નામ | ગ્રૂપ | સરનામું | સિટી |
|---|---|---|---|---|
| ૧. | શ્રીવાસ્તવ નિત્યાનંદ ગોપાલનારાયણ | A+ | મેનેજિંગ ડેરેક્ટ, આર.એન્ડ.સી.ઓ. | ગાંધીનગર |
| ૨. | ભાવસાર કલ્યાણી ગજેન્દ્રકુમાર | O- | આસોપાલવ સોસાયટી | મહેસાણા |
| ૩. | ચૌધરી કૌશિકકુમાર બાબુભાઈ | O+ | યુજીવીસીએલ | મહેસાણા |
| ૪. | પરમાર શશાંક અશોકભાઈ | A+ | ધરતી પાર્ક | વિસનગર |
| ૫. | પારેખ ભરતભાઈ જયંતીલાલ | AB+ | પીલુદર | મહેસાણા |
| ૬. | સિંધી કમલભાઈ સૂર્યકાંતભાઈ | B+ | | મહેસાણા |
| ૭. | ચૌહાણ યાસીનભાઈ મણિલાલ | B+ | | બામોસણ |
| ૮. | પરમાર વિશાલ મોહનલાલ | O+ | ધર્મભૂમિ | મહેસાણા |
| ૯. | ચૌધરી તુષાર ફુલજીભાઈ | O+ | મોઢેરા રોડ | મહેસાણા |
| ૧૦. | મોદી વિનોદકુમાર રતિલાલ | O+ | મારૂતિનંદન | મહેસાણા |
| ૧૧. | શ્રીમાળી બિપીન નટવરલાલ | B+ | ધર્મભૂમિ | વિસનગર |
| ૧૨. | ચાવડા જગદીશકુમાર ઈશ્વરસિંહ | AB+ | સામો | માણસા |
| ૧૩. | શ્રોફ મહેશ કાંતિલાલ | A+ | જગજીવન સોસાયટી | મહેસાણા |
| ૧૪. | ઠાકોર અજિતજી જિતાજી | A+ | સંધ્યા | વડનગર |
| ૧૫. | રાવલ નિલેશ મયંકકુમાર | A+ | માલ ગોડાઉન | મહેસાણા |
| ૧૬. | પરમાર મનોજભાઈ છગનભાઈ | O+ | રામદેવ પાર્ક | મહેસાણા |
| ૧૭. | બારોટ કૌશિક દશરથલાલ | B+ | શુભાંગ બંગલો | કલોલ |
| ૧૮. | બારવડિયા ધવલ મથુરદાસ | B+ | સનસિટી | કડી |
| ૧૯. | નાયક ભાવેશ શાંતિલાલ | O- | ઉમટા | |
| ૨૦. | રોય જયેશ મનોજકુમાર | A+ | પ્રહલાદ પાર્ક | અમદાવાદ |
| ૨૧. | મોદી ભરતકુમાર વાસુદેવ | B+ | સાર્થિ પાર્ક | ચાણસમા |
| ૨૨. | ચૌધરી રમેશભાઈ કાનજીભાઈ | O+ | સામવેદ | વિસનગર |
| ૨૩. | મહેતા ચિંતન કૌશિકભાઈ | A+ | પાલાવાસણા | મહેસાણા |
| ૨૪. | મોદી રીંકલ ભરતભાઈ | O+ | યુજીવીસીએલ | મહેસાણા |
| ૨૫. | શાદાદપુરી સુરેશભાઈ હઝારીલાલ | O+ | વસ્ત્રાપુર | અમદાવાદ |
| ૨૬. | સજવાલા મનિશકુમાર નટવરલાલ | A+ | સોમનાથ રોડ | મહેસાણા |
| ૨૭. | નાયક રાજેન્દ્રકુમાર નવનીતલાલ | B+ | યુજીવીસીએલ | મહેસાણા |
| ૨૮. | દલવાડી ચમનભાઈ ગણેશભાઈ | O+ | ચરોતર | પાલનપુર |
| ૨૯. | પરમાર પાર્થ નરેશભાઈ | B+ | બુટા પાલડી | મહેસાણા |
| ૩૦. | ચાંપાનેરી અંકિત હરીશભાઈ | AB+ | યુજીવીસીએલ | ગાંધીનગર |
| ૩૧. | મોદી દિનેશ ઈશ્વરલાલ | O- | તિરૂપત્તી બંગ્લોઝ | એમએસએચ |
| ૩૨. | મકવાણા બિપીનકુમાર સી. | O+ | જીઈટીસીઓ | મહેસાણ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૩. | પટેલ અનિલ ઈશ્વરલાલ | O+ | તિરૂપત્તી સુકન | એમએસએચ |
| ૩૪. | પટેલ રાજેન્દ્રકુમાર કામરાજભાઈ | B+ | કૃણાલ રેસિડન્સી | મહેસાણા |
| ૩૫. | ઠાકોર પ્રભાતસિંહ તખાજી | O+ | કુકાસ | મહેસાણા |
| ૩૬. | ચાવડા કિરીટચંદ્ર સોમાભાઈ | O+ | જીઈટીસીઓ | મહેસાણા |
| ૩૭. | શાહ તુષાર પુનમચંદ્ર | A+ | ઘાટલોડીયા | અમદાવાદ |
| ૩૮. | પરમાર પંકજકુમાર બિજલભાઈ | O+ | રોહિતનગર | વિજાપુર |
| ૩૯. | ગોસાઈ નરેશગીરી હેમરાજભાઈ | B- | ગુંજા | |
| ૪૦. | ચિસ્તી મુસ્તાક બી. | O+ | પાટણ | |
| ૪૧. | ઠક્કર પ્રમોદ રસીકલાલ | B+ | યુજીવીસીએલ | મહેસાણા |
| ૪૨. | દિલાકર નૈશધ શિવરામભાઈ | A+ | દેલા | |
| ૪૩. | ભાવસાર શુભાષચંદ્ર જે. | A+ | | મહેસાણા |
| ૪૪. | પટેલ અરવિંદભાઈ મોતીલાલ | B+ | વૃંદાવન પાર્ક | મહેસાણા |
| ૪૫. | ચૌધરી રામજીભાઈ ભગવાનદાસ | A- | બાલોસાણા | |
| ૪૬. | બારોટ ઉમંગકુમાર બાબુદાસ | O+ | સુજાતા ફ્લેટ | મહેસાણા |
| ૪૭. | ઝાલા નરેન્દ્રસિંહ ભૂપતસિંહ | AB+ | યુજીવીસીએલ | મહેસાણા |
| ૪૮. | ગોસ્વામી નિરંજનગીરી ધનેશગીરી | O+ | યુજીવીસીએલ | મહેસાણા |
| ૪૯. | સામઢિયા સુનિલકુમાર કાંતિલાલ | A+ | વીરાટનગર | મહેસાણા |
| ૫૦. | અધિયોલ વિપુલકુમાર કિશાનભાઈ | B+ | તલેટી | મહેસાણા |
| ૫૧. | પરમાર અનિલભાઈ રમેશભાઈ | A+ | જગદીશ સોસાયટી | સિધ્ધપુર |
| ૫૨. | રબારી વાઘાગીભાઈ વાલજીભાઈ | B+ | બાસણા | |
| ૫૩. | પટેલ નટવરભાઈ ડુંગરદાસ | B+ | મારૂતિનગર | મહેસાણા |
| ૫૪. | રબારી જીતેન્દ્ર લાલુભાઈ | O+ | અમરપરા | મહેસાણા |
| ૫૫. | ગૌસ્વામી કમલેશ બાલુગીરી | O+ | | મહેસાણા |
| ૫૬. | લેઉવા જયેશ દિનેશભાઈ | B+ | | કોલાવાડા |
| ૫૭. | મોદી મોન્ટેશ રમનભાઈ | A+ | | મહેસાણા |
| ૫૮. | મહેતા પલ્લવીબાબુભાઈ | O+ | શ્રીમાળી વાસ | મહેસાણા |
| ૫૯. | પટેલ સંજય નટવરલાલ | B+ | | મહેસાણા |
| ૬૦. | રાવત અમૃતભાઈ ગેમરભાઈ | B+ | મહેસાણા | |
| ૬૧. | પ્રજાપતિ દિલીપ કેશવભાઈ | AB+ | | મહેસાણા |
| ૬૨. | પટેલ મનોજ બાબુભાઈ | O+ | પ્રભુનગર | વિસનગર |
| ૬૩. | મોદી હિતેશકુમાર મહેન્દ્રભાઈ | A+ | જીઈટીસીઓ | મહેસાણા |
| ૬૪. | સોલંકી મહેન્દ્રસિંહ હરેન્દ્રસિંહ | A+ | યુજીવીસીએલ | મહેસાણા |
| ૬૫. | પટેલ જયેન્દ્રકુમાર લક્ષ્મદાસ | A+ | | વિસનગર |
| ૬૬. | ચૌધરી પ્રકાશકુમાર મહાદેવભાઈ | B+ | ધીનોજ | |
| ૬૭. | સોની વિજયકુમાર ચિમનલાલ | A+ | | મહેસાણા |
| ૬૮. | પટેલ અનિલકુમાર ઈશ્વરલાલ | O+ | મહેસાણા | |
| ૬૯. | મકવાણા ભરતકુમાર અંબાલાલ | B- | ડાગાવાડીયા | |
| ૭૦. | ગોસાઈ મહેન્દ્રગીરી મગનગીરી | O+ | મગરોડા | |
| ૭૧. | ચૌધરી ગોવિંદભાઈ વાઘજીભાઈ | O+ | | મહેસાણા |
| ૭૨. | પટેલ નિલેશ બાબુભાઈ | B+ | પાટણ | |
| ૭૩. | પટેલ ચિરાગકુમાર ડુંગરદાસ | O+ | રાધનપુર રોડ | મહેસાણા |









# માણસા પેટા વિભાગીય કચેરીના નવનિર્મિત મકાનનો લોકાર્પણ સમારોહ





તા. ૭-૩-૨૦૧૩ના રોજ ૧૨:૩૦ કલાકે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવના અધ્યક્ષ પદે માણસા પેટા વિભાગીય કચેરીના નવ નિર્મિત મકાનનો લોકાર્પણ સમારોહનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે કંપનીના મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી ડી.સી. પરમાર, જનરલ મેનેજર (ફાઇનાન્સ), શ્રી આર. બી. કોઠારી, અધિક્ષક ઇજનેર મહેસાણા, શ્રી એમ. કે. રાઠોડ, અધિક્ષક ઇજનેર, શ્રી પી. જે. ત્રિવેદી, કાર્યપાલક ઇજનેર શ્રી પી. કે. પટેલ તથા ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ અને વિશાળ સંખ્યામાં ખેડૂતો અને ગ્રાહકોએ હાજરી આપેલ.

કાર્યક્રમની શરૂઆતમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવે નવ નિર્મિત પેટા વિભાગીય કચેરીની વિગત દર્શાવતી તક્તીનું અનાવરણ કરેલ ત્યાર બાદ મકાનના મુખ્ય દરવાજે રીબન કાપીને લોકાર્પણ કરેલું. જ્યારે કંપનીના મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી ડી. સી. પરમાર દ્વારા બીજે માળે આવેલ એકાઉન્ટ્સ વિભાગનું રીબન કાપીને લાકોર્પણ કરેલ. બંને મહાનુભવો દ્વારા સમગ્ર બિલ્ડિંગનું ધ્યાનથી નિરિક્ષણ કરી સિવિલ વિભાગ દ્વારા કરવામાં આવેલ કામગીરીની પ્રસંશા કરેલ. ત્યારબાદ કચેરીના પટાગણમાં વૃક્ષો વાવીને વૃક્ષો રોપાણ કરવામાં આવેલ.

લોકાર્પણ સમારોહની શરૂઆત કંપનીના ગૌરવ ગીત દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ શ્રીમતી દિપ્તીબહેન, શિક્ષિકા એમ. જી. ચૌધરી વિદ્યાસંકુલ દ્વારા પ્રાર્થના ગીત રજૂ કરવામાં આવેલ. સ્કૂલનું બાળાઓ દ્વારા સુંદર નૃત્ય રજૂ કરી ઉપસ્થિત માહાનુભાવોનું સ્વાગત કરેલ.

શબ્દોથી સ્વાગત શ્રી એમ. કે. રાઠોડ, અધિક્ષક ઇજનેર, મહેસાણા દ્વારા કરી ઉપસ્થિત શ્રોતાઓને આવકારેલ. શબ્દોથી સ્વાગત કર્યા બાદ ઉપસ્થિત મહાનુભવોનું પુષ્પગૂચ્છથી સ્વાગત કરવામાં આવેલ. ગ્રાહકો પૈકી શ્રી પ્રકાશભાઈ એમ. પટેલ, જી.આઈ.ડી.સી. માણસા, શ્રી ધવલભાઈ, સાકાર સીરામીક્સ, ડો. પરેશભાઈ, આકાશ સીરામીક્સ દ્વારા ગ્રાહકો વતી મેનેજિંગ ડિરેક્ટરશ્રીનું સ્વાગત કરવામાં આવેલ.

શ્રી પી.જે. ત્રિવેદી, શ્રી આર.બી. કોઠારી તથા શ્રી ડી.સી. પરમારે પ્રસંગોચીત ઉદ્‌બોધન કરી નવ નિર્મિત મકાન માટે માણસા પેટા વિભાગીય કચેરીના કર્મચારીઓ અને ગ્રાહકોને અભિનંદન પાઠવેલ. કંપનીની મહત્ત્વની કામગીરી જેવી કે ટી એન્ડ ડી લોસીસ તથા ડેબિટએરીયર્સ ઘટાડવા માટે અનુરોધ કરેલ.

કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જીઈબી બાદ કંપની કરણનો ઉદ્દેશ ગ્રાહકોને સુવિધા વધારવાની સરકારની નેમ માટેનો છે તેવું જણાવેલ. માણસા પેટા વિભાગીય ટી એન્ડ ડી લોસીસ ઘટાડી કંપની દ્વારા ફાળવવામાં આવેલ અદ્યતન કમ્પ્યુટરોને લીધે કામગીરીમાં આવેલ ઝડપને લીધે વધેલ સમયમાં ગ્રાહકોને વધુ સારી રીતે સંતોષકારક સેવાઓ આપવા અનુરોધ કરેલ.

સિવિલ વિભાગ તથા તેના કોન્ટ્રાક્ટર દ્વારા કરવામાં આવેલ કામગીરી માટે અભિનંદન પાઠવેલ. તેમજ સ્વાગત નૃત્ય કરનારા બાળાઓને વિશિષ અભિનંદન પાઠવેલ. માણસાના કર્મચારીઓને નવ નિર્મિત મકાન માટે અભિનંદન આપ્યા બાદ






ઉપસ્થિત સર્વેનો આભાર માનેલ.

સમગ્ર કાર્યક્રમનું ખૂબ સુંદર આયોજન શ્રી આર. સી. દેસાઈ, નાયબ ઇજનેર તથા વિજાપુર વિભાગીય તથા માણસા પેટા વિભાગીય કચેરી દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન નાયબ ઇજનેર શ્રી ડી. બી. પટેલ દ્વારા સફળતા પૂર્વક કરવામાં આવેલ. ■

# યુજીવીસીએલ અને એરડા દ્વારા નારોલ ખાતે ટેસ્ટિંગ લેબોરેટરીની સ્થાપના

**કંપની દ્વારા ખરીદવામાં આવેલ માલસામાનનાં નિર્ધારિત ધોરણોની ચકાસણી માટેનો દીર્ઘ દષ્ટિવાળો અભિગમ**








તા. ૧૪/૨/૨૦૧૩ના રોજ નારોલ રિજીઓનલ સ્ટોર ઓફિસના કંપાઉન્ડમાં ઉત્તર ગુજરાત વીજ કંપની અને ઇલેક્ટ્રિકલ રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ એસોસિએશનના (ERDA) સંયુક્ત ઉપક્રમે કંપની દ્વારા ખરીદવામાં આવેલ માલસામાન અંગેની ચકાસણી કરવાના દુરંદેશી ઉદ્દેશને ધ્યાનમાં લઈને ચકાસણી માટેની અદ્યતન 'ટેસ્ટિંગ લેબોરેટરી'નું ઉદ્ઘાટન કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ, ERDAના ડિરેક્ટર શ્રી ટી. બી. ગોવિદન, કંપનીના જનરલ મેનેજર (ફાઇનાન્સ) શ્રી આર. બી. કોઠારી, વિશેષ મુખ્ય ઇજનેર શ્રીમતી સી. આર. દેસાઈ, ચીફ ડેપ્યુટી ડાયરેક્ટર (બિઝનેસ ડેવલોપમેન્ટ) ERDA, ડો. પી. એ. ક્રિષ્નમૂર્તિ, હેડ, હાઇવોલ્ટેજ લેબોરેટરી અને ડેપ્યુટી મેનેજર (હાઇવોલ્ટેજ સેક્શન) શ્રી એ. એસ. ખોપકર, ડેપ્યુટી ડાયરેક્ટર (રીસર્ચ અને ડેવલપમેન્ટ) ડો. વી. શ્રીનેટ, સિનિયર મેનેજર અને એચ. ઓ. એફ. (MMCH), કંપનીના ઉચ્ચ અધિકારી અને કર્મચારીઓની હાજરીમાં મુખ્ય ઇજનેર (ઓપરેશન) તથા ERDAના નવ નિયુક્ત ડાયરેક્ટર શ્રી ડી. સી. પરમારના વરદ્હસ્તે રીબન કાપીને કરવામાં આવેલ છે.

આ લેબોરેટરીની સ્થાપનાથી કંપની પોતાની કામગીરી અંગે પારદર્શી અભિગમ માટે હંમેશા તત્પર છે તેવી ઐતિહાસીક નેમ પ્રસ્તુત કરેલ છે. યુજીવીસીએલ દ્વારા પોતાની કામગીરીનો નવો ઇતિહાસ સર્જેલ છે.

સાબરમતી ખાતે મીટરોની ચકાસણી માટેની અદ્યતની હાઇટેક લેબોરેટરી બાદ કંપની દ્વારા ખરીદી કરવામાં આવતા માલસામાનની ચકાસણી માટેની આ અદ્યતની લેબોરેટરી દ્વારા વીજ વિતરણ ક્ષેત્રે યુજીવીસીએલ દ્વારા પારદર્શી દષ્ટિકોણનો પરિચય પૂરો પાડવાનું મહત્વનું કામ હાથ ધરેલ છે. જેનાથી કંપનીની કામગીરી પ્રત્યે ગ્રાહકોનો વિશ્વાસ વધુ મજબૂત બનશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

આ ટેસ્ટીંગ લેબોરેટરીનું સંચાલન ERDA દ્વારા કરવામાં આવશે. જ્યારે જરૂરી વ્યવસ્થાકીય માળખુ ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા પૂરું પાડવામાં આવશે.

ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા સુદઢ વીજ વિતરણ વ્યવસ્થાની નિભાવના ભાગરૂપે જરૂરી માલસામાનની ખરીદી કરે છે. જ્યારે માલસામાનની ખરીદી કરવાની હોય તે પહેલા નિર્ધારીત ધારાધોરણો પ્રમાણેની જાણ વેચનારને કરેલ હોય છે. ખરીદી બાદ પણ માલની ડિલિવરી આપ્યા બાદ ખરીદી કરવામાં આવેલ માલસામાનની ગુણવત્તા આપેલ ઓર્ડર મુજબ જણાવેલ માત્રા મુજબની ચકાસણીમાં યોગ્ય સાબિત થાય ત્યાર પછી જ ઉપયોગ કરવામાં આવે છે. અપેક્ષિત ગુણવત્તાવાળા માલસામાનની ચકાસણી બાદ જ ઉપયોગ કરવામાં આવતો હોવાથી વપરાયેલ માલસામાનના ઉપયોગને કારણે અપેક્ષિત કામગીરી થઈ શકે છે. તેમજ પરિણામ પણ મેળવી શકાય છે. અગાઉ આ પ્રકારના માલસામાનનું ટેસ્ટીંગ ERDAની લેબોરેટરીમાં કરવા માટે માલસામાન તેમની લેબોરેટરીમાં વડોદરા ખાતે મોકલવામાં આવતો, જ્યારે હવે પછી અમદાવાદ નારોલ ખાતે પોતાના કેમ્પસમાં આવેલ લેબોરેટરીને કારણે ચકાસણીની કામગીરી ઝડપી અને ઓછી ખર્ચાળ રીતે થઈ શકશે. લેબોરેટરીના લોકાર્પણ કાર્યક્રમનું સંચાલન શ્રી એચ.બી. પટેલ, નાયબ ઇજનેર, ઓરએસઓ નારોલ અને શ્રી આર. ડબલ્યુ. રંગવાણી નાયબ ઇજનેર (સિવિલ) દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવેલ. ■

# ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ વડોદરા દ્વારા વિવિધ રમત–ગમતના કાર્યક્રમ (કેલેન્ડર)

**ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ વડોદરા દ્વારા વિવિધ રમત–ગમત અંગેની સ્પર્ધાઓ માટે નક્કી કરાયેલ કાર્યક્રમ તથા તેને અનુલક્ષીને ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ આઈ. આર. વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ કંપનીના રમત–ગમતના કાર્યક્રમ (કેલેન્ડર)**

| ક્રમ | નામ અને ટુર્નામેન્ટ | યજમાન સર્કલ | કોર્પોરેટ ઓફિસ/સર્કલ ઓફિસને અરજી મોકલવાની છેલ્લી તારીખ | ઈન્ટર સર્કલ ટુર્નામેન્ટની તારીખ | કોચીંગ કેમ્પ અને ઈન્ટર કંપની ટુર્નામેન્ટની તારીખ | ઈન્ટર કંપની ટુર્નામેન્ટ અને પસંદ થયેલ જીયુવીએનએલની ટીમ અને તારીખ તારીખ | ઈન્ટર કંપની ટુર્નામેન્ટ માટે પસંદ થયેલ સ્થળ |
|---|---|---|---|---|---|---|---|
| | ટેબલ ટેનિસ | હિંમતનગર સર્કલ | ૧/૪/૨૦૧૩ | ૧૩/૪/૨૦૧૩ | ૨૦/૨૧/૨૨ મે ૨૦૧૩ | ૨૪/૫/૨૦૧૩થી ૨૬/૫/૨૦૧૩ | જીયુવીએનએલ ક્લબ (વડોદરા) |
| | ચેસ | અંબાજી (પાલનપુર) | ૧૫/૪/૨૦૧૩ | ૨૭–૨૮/૪/ ૨૦૧૩ | ૩/૪/૫ જૂન ૨૦૧૩ | ૭/૬/૨૦૧૩થી ૯/૬/૨૦૧૩ | ડીજીવીસીએલ વલસાડ સર્કલ |
| | બેડમિન્ટન | મહેસાણા (આરએન્ડસી) | ૩૦/૪/૨૦૧૩ | ૧૧/૫/૨૦૧૩ | ૧/૨/૩ જુલાઈ ૨૦૧૩ | ૫/૭/૨૦૧૩થી ૭/૭/૨૦૧૩ | એમજીવીસીએલ (આરએન્ડસી) |
| | બ્રિજ | પાલનપુર કોર્પોરેટ ઓફિસ | ૫/૫/૨૦૧૩ | ૧૮– ૧૯/૫/૨૦૧૩ | ૧૨/૧૩/૧૪ ઓગસ્ટ ૨૦૧૩ | ૧૬/૮/૨૦૧૩થી ૧૮/૮/૨૦૧૩ | યુજીવીસીએલ (આરએન્ડસી) |
| | કેરમ | સાબરમતી સર્કલ | ૩૦/૫/૨૦૧૩ | ૧–૨/૬/૨૦૧૩ | ૧૬/૧૭/૧૮ સપ્ટેમ્બર ૨૦૧૩ | ૨૦/૯/૨૦૧૩થી ૨૨/૯/૨૦૧૩ | પીજીવીસીએલ ભાવનગર |
| | કબડ્ડી | મહેસાણા સર્કલ | ૧/૯/૨૦૧૩ | ૧૪/૯/૨૦૧૩ | ૧૬/૧૭/૧૮ ઓક્ટોબર ૨૦૧૩ | ૨૦/૧૦/૨૦૧૩ | જીએસઈસીએલ ટીપીએસ વણાકબોરી |
| | ટેનિકોઈટ (વુમેન) | સાબરમતી સર્કલ | ૨૦/૯/૨૦૧૩ | ૨૮/૯/૨૦૧૩ | ૧૬/૧૭/૧૮ ઓક્ટોબર ૨૦૧૩ | ૨૦/૧૦/૨૦૧૩થી ૨૧/૧૦/૨૦૧૩ | જીએસઈસીએલ ટીપીએસ વણાકબોરી |
| | વોલિબોલ | મહેસાણા સર્કલ | ૨૫/૯/૨૦૧૩ | ૬/૧૦/૨૦૧૩ | ૧૯/૨૦/૨૧ નવેમ્બર ૨૦૧૩ | ૨૩/૧૧/૨૦૧૩થી ૨૪/૧૧/૨૦૧૩ | જીએસઈસીએલ ધુવારણ ટીપીએસ |
| | ક્રિકેટ | મહેસાણા (આરએન્ડસી) | ૧૫/૯/૨૦૧૩ | ૨૫થી ૨૭/૧૦/ ૨૦૧૩ | ૧૨/૧૩/૧૪ ડિસેમ્બર ૨૦૧૩ | ૧૬/૧૨/૨૦૧૩થી ૨૦/૧૨/૨૦૧૩ | જીઈટીસીઓ ટીઆર પાલનપુર |
| | મ્યુઝિક/ ડ્રામા | | | | | ૨૮/૧૨/૨૦૧૩થી ૩૦/૧૨/૨૦૧૩ | ડીજીવીસીએલ નવસારી સર્કલ |
| | ટેનિસ | મહેસાણા સર્કલ | ૮/૧૨/૨૦૧૩ | ૮/૧૨/૨૦૧૩ | ૭/૮/૯ જાન્યુઆરી ૨૦૧૩ | ૧૦/૧/૨૦૧૪થી ૧૨/૧/૨૦૧૪ | પીજીવીસીએલ સિટી સર્કલ, રાજકોટ |

# ગુજરાતમાં સૌપ્રથમ ડાર્કઝોન વિસ્તારના ખેતીવાડી વીજજોડાણના ડ્રોની કામગીરી

**''યુજીવીસીએલની મહેસાણા વર્તુળકચેરી દ્વારા ગુજરાતમાં સૌપ્રથમ શરૂ કરવામાં આવેલ ડાર્કઝોન વિસ્તારના ખેતીવાડી વીજજોડાણના ડ્રોની કામગીરી''**

રાજ્ય સરકારશ્રી દ્વારા અગાઉના ડાર્કઝોન વિસ્તારના નિયંત્રણો ઉઠાવી લીધા બાદ વર્ષ ૧૯૯૦થી ૨૦૦૩ સુધીમાં નોંધાયેલ ખેતીવાડી અરજીઓની વીજજોડાણ આપવાની કાર્યવાહી તાત્કાલિક ચાલુ કરવામાં આવેલ છે અને તા. ૧૭-૯-૨૦૧૨થી તા. ૧૬-૧૦-૨૦૧૨ સુધી એક માસના સમયગાળા દરમ્યાન નવિન ખેતીવાડી અરજીઓ સ્વીકારવામાં આવેલ.




સમગ્ર ગુજરાતમાં સૌપ્રથમ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડમાં મેનેજિંગ ડિરેક્ટરશ્રી એન. શ્રીવાસ્તવના માર્ગદર્શન અનુસાર કોર્પોરેટ ઓફિસ દ્વારા પત્ર ક્રમાંક ૪૨૧ તા. ૨૨-૨-૨૦૧૩ દ્વારા જે પેટાવિભાગીય કચેરીઓમાં જુની અરજીઓનું ડાર્કઝોનમાં વીજજોડાણ આપવાનું કામ પૂર્ણ થયેલ હોય ત્યા અ, બ, અને ક વિભાગમાં એક માસમાં નોંધાયેલ અરજીઓની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવેલ હતી. જે અન્વેય મહેસાણા વર્તુળકચેરી દ્વારા ''અ'' અને ''બ'' વિભાગમાં નોંધાયેલ અરજીઓનું સર્વેક્ષણ કામ પૂર્ણ કરવામાં આવેલ. ત્યારબાદ ''ક'' વિભાગમાં કે જે અરજદારોને કુવો/બોર હયાત હોય અને પ્રથમ વખત અરજી કરી હોય તેવો અરજદારોનો અગ્રતાક્રમ ડ્રો પધ્ધતિથી નક્કી કરવાનો હોવાથી કોર્પોરેટ ઓફિસનાં માર્ગદર્શન હેઠળ સમગ્ર ગુજરાતનો સૌપ્રથમ ડ્રો તા. ૨૬-૨-૨૦૧૩ના રોજ પાટણ વિભાગીય કચેરી ખાતે વિશેષ મુખ્ય ઇજનેર શ્રી ડી. એસ. પટેલ,



અધિક્ષક, મહેસાણા, શ્રી એમ. કે. રાઠોડ તથા કાર્યપાલક ઇજનેર શ્રી એચ. એમ. રામીના નેતૃત્વમાં યોજવામાં આવેલ.

ત્યારબાદ ફક્ત દશ દિવસની અંદર ૬ પેટાવિભાગીય કચેરીઓમાં કુલ ૬૨૦૦ જેટલા ખેતીવાડી અરજદારોના અગ્રતાક્રમ નક્કી કરવા માટેના ડ્રો યોજવામાં આવેલ અને સમગ્ર ''ક'' વિભાગમાં નોંધાયેલ અરજદારોના અગ્રતાક્રમ નક્કી કરી તે તમામની વિગત કંપનીની વેબસાઇટ ઉપર પણ મૂકી દેવામાં આવેલ.

આ તમામ ડ્રોની વિગત અગાઉથી વર્તમાન પત્રોમાં આપી અરજદારોને માહિતગાર કરવામાં આવેલ હતા. જેમાં દરેક જગ્યાએ અરજદાર ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને વીજ કંપનીના પારદર્શક અભિગમની પ્રસંશા કરી હતી. દરેક જગ્યાએ અરજદાર ખેડૂતોને બેસવાની તથા પાણીની યોગ્ય વ્યબવસ્થા કરવામાં આવેલ હતી. ખેરાલુ તથા સતલાસણા ખાતે ખૂબ જ મોટી સંખ્યામાં ખેડૂત અરજદારો હાજર રહ્યા હતા.

આ તમામ ડ્રોની કામગીરી પૂર્ણ કરવામાં અધિક્ષક ઇજનેર, મહેસાણા, શ્રી એમ. કે. રાઠોડની રાહબરી હેઠળ નાયબ ઇજનેર શ્રી જે. કે. દરજી તથા તેમના સ્ટાફે ખૂબ જ મહેનત કરી સફળ આયોજન હાથ ધરેલ. ■





Please accept my Heartiest Congratulations for publishing the Oct. to Dec.'2012 Aapnu UGVCL magazine the way it is.
The way of covering the Topics, Highlighting the Key issues, Proper Photography & perfect Presentation & coverage of topics, everything is Excellent.
Great Work. Keep it Up.
Congratulations once again.



**KAMAL SINDHI**
*DE(GERC), UGVCL, MEHSANA*

## મહેસાણા વીજ કચેરી ખાતે ગ્રાહક તકરાર નિવારણ ફોરમની બેઠક મળી

મહેસાણા વર્તુળ કચેરી ખાતે તા. ૨૬-૨-૨૦૧૩ના રોજ ગ્રાહક તકરાર નિવારણ ફોરમની બેઠક મળી હતી. જેમાં વીજ વપરાશ કરતાં ગ્રાહકોએ મીટર વધારે આવવું સહિત વિવિધ પ્રશ્નો મુદ્દે ફોરમના અધ્યક્ષને ફરિયાદ કરી હતી. ગત વર્ષે ફોરમને ૨૮૪ ફરિયાદો મળી હતી. જેમાં ૧૬૯ ફરિયાદોનો નિકાલ લાવવામાં આવ્યો હતો.

રાષ્ટ્રિય વીજ નિયંત્રણ આયોગ દ્વારા દેશના દરેક રાજ્યમાં વીજ નિયમન આયોગની રચના કરવામાં આવેલ છે. ૨૦૧૧ના વર્ષથી ગુજરાત વીજ નિયમન આયોગના હુકમથી વીજ વપરાશ કરતાં ગ્રાહકોની ફરિયાદો સાંભળવા માટે ગ્રાહક તકરાર નિવારણ ફોરમની રચના કરવામાં આવી છે. જેમાં મહેસાણા સ્થિત વર્તુળ કચેરી ખાતે ચાર સભ્યોની કમિટી બનાવવામાં આવે છે.

મહેસાણા ખાતે વર્ષ ૨૦૧૧-૧૨માં વીજ વપરાશકારો દ્વારા ૨૮૪ ફરિયાદો આ ફોરમમાં નોંધાવી હતી. જેમાં ૧૬૯ જેટલી ફરિયાદોનો નિકાલ લાવવામાં આવ્યો હતો. મહેસાણા ખાતે સદર ફોરમની બેઠક મળી હતી. જેમાં ચેરપર્સન માલાબહેન શાહ, સ્વાતંત્ર મેમ્બર શ્રી એમ. જે. બારોટ, ટેકનિકલ મેમ્બર એસ. આર. પટેલ તથા કન્વીનર પી. ડી. હાલાણી ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં વીજ ગ્રાહકોને પુરતી માહિતી આપવામાં આવી હતી. વીજ ગ્રાહકો દ્વારા મીટર રિડીંગ, કેપેસીટર પોતાનું હોવા છતાં વીજ બીલ વધારે આવવું સહિતની વિવિધ ફરિયાદો ફોરમની ઉક્ત બેઠકમાં કરી હતી. ■

## અંબાજી ખાતે યોજાયેલ પેટા વિભાગીય કચેરીના ખાત મુહૂર્તનો કાર્યક્રમ





તારીખ ૨૨-૨-૨૦૧૩ના રોજ અંબાજી ખાતે પેટા વિભાગીય કચેરીના ખાત મુહૂર્તનો કાર્યક્રમ કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી એન. શ્રી વાસ્તવના વરદ્ હસ્તે યોજવામાં આવેલ. પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે કાર્યરત પેટા વિભાગીય કચેરીના નવીન મકાન બનાવવા જૂની ઓફિસની જગ્યાએ ખાત મુહૂર્ત કરવામાં આવેલ. આ પ્રસંગે મુખ્ય ઇજનેર (ઓપરેશન), શ્રી ડી. સી. પરમાર ઉપસ્થિત રહેલ તેમજ અધિક્ષક ઇજનેર શ્રી એમ.બી. જાકાસણીયા, અધિક્ષક ઇજનેર (સિવિલ) શ્રી પી. જે. ત્રિવેદી, કાર્યપાલક ઇજનેર, શ્રી સી. એસ. પટેલ ઉપસ્થિત રહેલ. ■



## ગાંધીનગર ખાતે યોજાયેલ વૃક્ષારોપાણ કાર્યક્રમ







તારીખ ૨૧-૨-૨૦૧૩ના રોજ ગાંધીનગર વિભાગીય કચેરીના પટા આંગણમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવની અધ્યક્ષતામાં વૃક્ષારોપાણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે કંપનીના મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી ડી. સી. પરમાર, વિશેષ મુખ્ય ઇજનેર (પી એન્ડ પી), શ્રી એસ.આર. પટેલ, વિશેષ મુખ્ય ઇજનેર શ્રીમતી છાયાબહેન દેસાઈ, કાર્યપાલક ઇજનેર શ્રી બી.પી. બુચે ભાગ લઈ વિવિધ જાતના વૃક્ષોનું વાવેતર કરેલ. આ પ્રસંગે ગાંધીનગર વિભાગીય તેમજ પેટા વિભાગીય કચેરીના કર્મચારીઓએ હાજરી આપી ઉત્સાહ વધારેલ. ■

---

## પાલનપુર ખાતે યોજાયેલ સ્ટાફ ક્વાટ્ર્સ ઉદ્‌ઘાટન સમારોહ

તારીખ ૬-૨-૨૦૧૩ના રોજ પાલનપુર ખાતે ઉત્તર ગુજરાત વીજ કંપનીના કર્મચારીઓના રહેવા માટે નવીન બનાવેલ સ્ટાફ ક્વાટ્ર્સનું ઉદ્‌ઘાટન કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તના વરદ્ હસ્તે કરવામાં આવેલ. આ પ્રસંગે કંપનીના મુખ્ય




ઇજનેર (ઓપરેશન) શ્રી ડી. સી. પરમાર, અધિક્ષક ઇજનેર પાલનપુર શ્રી એમ.બી. જાકાસણીયા, અધિક્ષક ઇજનેર (સિવિલ), શ્રી પી. જે. ત્રિવેદી, કાર્યપાલક ઇજનેર શ્રી એ. કે. મંગલ, કાર્યપાલક ઇજનેર (સિવિલ) શ્રી કે. સી. ટેલર તથા વિશાળ સંખ્યામાં પાલનપુર સર્કલના કર્મચારી ભાઈઓ તથા બહેનો ઉપસ્થિત રહેલ. ■




# પિતાને વૃદ્ધાશ્રામે જતા અટકાવશો, તો જન્મારો સફળ ગણાશે



એસ.બી. લિંબાચીયા,
નાયબ ઈજનેર,
સ્ટોર મહેસાણા

આજે જે લેખ લખવા જઈ રહ્યો છું તે માત્ર લેખ નહીં, પરંતુ મારી જિંદગી છે. મારું સર્વસ્વ છે મારો આત્મા છે. મારા ગુરૂ, મારા સખા, મારા સુખ - દુઃખના ભાગીદાર, મારા ઈશ્વરે નીમેલા મારા જન્મદાતા અને પાલનહાર મારા પિતા.

આ લેખ પૂરો કરતા કરતા કદાચ રૂમાલ પણ ભીનો થઈ જશે અને લેપટોપનું કીબોર્ડ પણ. કોઈ પણ વ્યાખ્યાનકાર માતા વિશે બોલ્યા કરે છે, સંત મહાત્માઓ પણ માતાના મહત્ત્વ વિશે જ વધારે કહે છે. દેવ - દેવીઓએ પણ માતાના જ ગુણગાન ગાયા છે. લેખકો-કવિઓએ પણ માતાના ખૂબ વખાણ કર્યાં છે.

સારી વસ્તુને માતાની જ ઉપમા આપવામાં આવે છે, પણ ક્યાંય પિતા વિશે બોલાતું નથી. કેટલાક લોકોએ પિતાની કલ્પનાને કલમની ભાષામાં મૂકી છે પણ તે ઉગ્ર, વ્યસની અને મારઝૂડ કરનારા જ હોય છે. આવા પિતાઓ સમાજમાં એકાદ-બે ટકા જ હશે , પણ સારા પિતાઓ વિષે શું લખાયું છે?

પિતાના ઠેકઠેકાણે સંધાયેલા જોડા જોઈએ તો તેમનો પ્રેમ નજરે ચડે. તેમનું ફાટેલું ગંજી જોઈએ તો સમજાય કે આપણા નસીબના કાણા તેના ગંજીમાં પડ્યા છે. તેમનો દાઢી વધેલો ચહેરો તેમની કરકસર દેખાડે છે. દીકરા-દીકરીને નવા જીન્સ લાવી આપશે, પણ પોતે તો જૂનો લેંઘો જ વાપરશે. સંતાનો સો-બસો રૂપિયા પાર્લર કે સલુનમાં જઈને બિલ કરશે, પણ તેમના જ ઘરના પિતા દાઢીનો સાબુ ખલાસ થઈ ગયો હશે તો ન્હાવાના સાબુથી દાઢી કરી લેશે. ઘણી વાર તો ખાલી પાણી લગાડીને જ દાઢી કરી લેતાં હોય છે. રોજ આપણને સગવડ કરી આપનારી માતા યાદ રહે છે, પણ જીવનની આજીવિકાની વ્યવસ્થા કરનારા પિતાને આપણે કેટલી સહજતાથી ભૂલી જઈએ છીએ? નોકરીમાં રવિવારે એક દિવસની રજા મળતાં જ ગામડે જઈને ખેતી કામ કરતા પણ મેં જોયેલા છે અને કપાસની ગાંસડી માથે ઉંચકીને સેઢા સુધી લાવતા જોયા છે પિતા ને.

બધાની સામે મોકળા મને માતા રડી શકે છે પણ રાત્રે તકીયામાં મોઢું છુપાવીને ડુસકા ભરે છે તે પિતા હોય છે. માતા રડે છે પણ પિતાથી તો રડી પણ શકાતું નથી. પોતાના પિતા મૃત્યુ પામે છતાં આપણા પિતા રડી શકતા નથી, કારણ કે નાના ભાઈ બહેનોને સાચવવાના હોય છે, પોતાની માતા મૃત્યુ પામે તો પણ પિતા રડી શકતા નથી, કારણ કે બહેનને આધાર આપવાનો હોય છે.

પત્ની અડધે રસ્તે સાથ છોડીને જતી રહે તો બાળકોના આંસુ લુછવાનું કામ પણ પિતાએ જ



કરવાનું હોય છે. પિતા માંદા પડે ત્યારે તરત જ દવાખાને જતા નથી. તે માંદગીથી ડરતા નથી પણ જો ડોક્ટર એકાદ મહિનો આરામ કરવાનું કહી દેશે તો શું કરવું તેનો ડર લાગે છે, કારણકે દીકરીના લગ્ન અને દીકરાનું શિક્ષણ બાકી હોય છે. ઘરમાં આવકનું બીજું કોઈ પણ સાધન હોતું નથી. પહોંચ હોય કે ન હોય પણ દીકરાને એન્જિનીરિંગ કે મેડિકલમાં પ્રવેશ અપાવે છે. ખેંચ ભોગવીને પણ બાળકને નિયમિત હોસ્ટેલમાં પૈસા મોકલે છે, પણ કેટલાક દીકરાઓ જે તારીખે પૈસા મળે તે જ તારીખે પાર્ટીઓ આપે છે અને જે પિતાએ પૈસા મોકલ્યા હોય તેની જ મજાક ઉડાડે છે.

કોઈ પણ પરીક્ષાનું પરિણામ આવે ત્યારે માતા જ સહુથી નજીકની લાગે છે કારણકે બાથમાં લે છે, વખાણ કરે છે, આશિષ આપે છે, પણ ગુપચુપ જઈને પેંડાના પડીકા લાવનારા પિતા કોઈના ધ્યાનમાં રહેતા નથી. બાળક આવવાનું હોય તેવી પ્રસુતાનું ખૂબ મહત્ત્વ હોય છે, પણ હોસ્પિટલની લોબીમાં અસ્વસ્થ થઈને આમથી તેમ આંટા મારનારા એ આવનારા બાળકના પિતાની કોઈ નોંધ લેતું નથી.

દેવકી - યશોદાના કાર્યની પ્રશંસા અવશ્ય કરીએ પણ નદીના પુરમાંથી મધરાતે માથા ઉપર બાળકને સુરક્ષિતપણે લઈ જનારા વાસુદેવને પણ મહત્ત્વ આપીએ. રામ એ કૌશલ્યાના પુત્ર અવશ્ય છે પણ પુત્ર વિયોગથી તરફડીને મૃત્યુ પામ્યા તે પિતા દશરથ હતા. કોઈ પણ સારા પ્રસંગે ઘરની દરેક વ્યક્તિ જતી હોય છે, પણ મરણના પ્રસંગે પિતાએ જ જવું પડે છે.

પિતા શ્રીમંત સાસરૂં ધરાવતી દીકરીને ત્યાં બહુ જશે નહીં, પણ દીકરી ગરીબ ઘરમાં આપી હશે તો ભલે ઊભા ઊભા ખબર કાઢવા જવું પડે, તે ચોક્કસ દીકરીના ઘરના ચક્કર કાપશે. યુવાન દીકરો ઘરે મોડો આવે ત્યારે પિતા જ તેની રાહ જોઈને મધરાત સુધી ઉજાગરો કરતા હોય છે. દીકરાની નોકરી માટે સાહેબ સામે લાચાર થનારા પિતા, દીકરીને પરણાવવા માટે ઠેક ઠેકાણે મુરતિયા જોવા ઉંબરા ઘસતા પિતા, ઘરના લોકો માટે પોતાની વ્યથા અને જરૂરિયાતને કોરાણે મૂકી દેતા પિતા કેટલા ગ્રેટ હોય છે ખરૂંને?

આ બધા જ અનુભવો મારી નજરે અને લોકોના જીવનમાં બહુ જ બારીકાઈથી જોયાં છે હજુ પિતા વિશે ઘણું બધું લખી શકાય છે.

બસ હવે વધુ કંઈ નહીં લખી શકું...

I LOVE MY FATHER...

કદાચ ઈશ્વર અને મારા પિતા બંને સામે હોય અને મને એકની પસંદ કરવાનું કહે તો હું દોડીને મારા પિતાની જ આંગળી પકડું. જો તમને આ લેખ અને વાતો ગમી હોય તો શેર કરજો મિત્રો સાથે, જેથી કરીને આમાંના કોઈક શબ્દો કોઈક મા-બાપને વૃદ્ધાશ્રામે જતા અટકાવશે, તો મારો અને તમારો જન્મારો સફળ થયો ગણાશે. ■



# મહિલા દિન વિશેષ

જ્યોત્સ્ના એમ. રાઠોડ,
સિનિયર, આસિસ્ટન્ટ

'યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમ્યન્તે તત્ર દેવતા' સાંભળવામાં અને નારી ઉધ્ધારના કોઈ ભાષણ વખતે શ્રોતાઓની તાળીઓના ગડગડાટ માટે આ શ્લોક શ્રેષ્ઠ છે, પરંતુ એમાંથી કેટલા ટકા આચરણમાં મૂકાય છે તે આપણે સૌ સારી રીતે જાણીએ છીએ. કથની અને કરણીનો આ વિરોધાભાસ સદીઓ પુરાણો છે. જેમાં આજની ઇન્ટરનેટ યુગમાં પણ કોઈ ખાસ પરિવર્તન નથી આવ્યું અને જે થોડે ઘણે અંશે સમાજ સ્ત્રીની મહત્તા સ્વીકારતો થયો છે ને સ્ત્રીએ પોતાની આગવી કોઠાસૂઝ, કૌશલ્ય અને કેળવણીથી પ્રાપ્ત કરેલ છે. લાજ, શરમ, મર્યાદાના માપદંડો સ્ત્રીઓ પુરુષ માટે અલગ-અલગ છે.

There is a woman behind every success man છતાં આપણે સ્ત્રીને 'અબળા' કહીએ છીએ. કેવો વિરોધાભાસ? સ્ત્રી પોતે મહાશક્તિ છે. આપણા શાસ્ત્રો એ વાતને પુષ્ટિ આપે છે કે જ્યારે જ્યારે પૃથ્વી પર અસુરી શક્તિના ત્રાસથી લોકો ત્રાહિમામ્ પોકેરે છે ત્યારે ત્યારે સ્ત્રીશક્તિએ જગદંબા, દુર્ગા, કાલિકા જેવા અવતાર ધારણ કરી સૃષ્ટિનું રક્ષણ કરી દાનવોનો નાસ કર્યો છે. આ ફરી ન પોકારી જવાય તેવી અને તેટલી સિદ્ધિઓ હાંસલ કરી છે આજની નારીએ... સ્ત્રી હોવાથી કુદરતી, શારીરિક ઊણપોને નજરઅંદાજ કરીને બૈદ્ધિક ક્ષમતામાં પુરુષોને પણ પરાસ્ત કરીને પોતે પુરુષ સમોવડી નહીં. બલ્કે પુરુષોથી પણ એક ડગલું આગળ હોવાનું સિદ્ધ કર્યુ છે. એક પણ ક્ષેત્ર એવું બતાવી શકશો જેમાં સ્ત્રીએ પોતાની આગવી કોઠાસૂઝ અને કાર્યકુશળતા દ્વારા સફળતાના સોપાનો સર ન કર્યા હોય? કરુણા, મમતા, પ્રેમ, દયા, લાગણી, સહાનુભૂતિ, ઋજુતા જેવા તત્વો કુદરતે નારીમાં ઠાંસીઠાંસીને ભર્યા છે. તેથી જ સ્ત્રીને છેતરાવાના કિસ્સા બને છે.

સ્ત્રીનું જીવન વહેતા પણી જેવું છે. વહેતા નીરને તમે જેવા પાત્રમાં ભરો તેવો આકાર પાણી ધારણ કરી લે છે. તે જ રીતે સ્ત્રી અને તેમાં પણ નોકરી કરતી સ્ત્રીએ એક જ દિવસમાં અગલ-અલગ ભૂમિકાઓ ભજવવી પડતી હોય છે.

- **પિતૃગૃહે** : લાડકવાયી દીકરી, વહાલસોમી બહેન
- **શ્વસુરગૃહે** : ઉત્તમ પત્ની, આદર્શ પુત્રવધૂ, મમતાસભર મા
- **કાર્યલયે** : કુશળ કર્મચારી

કરોડ રૂપિયા ખર્ચીને બનાવેલ બંગલામાં પણ જો સ્ત્રીનો વાસ ન હોય તો તે માત્ર 'મકાન' બનીને રહી જાય છે. ફક્ત સ્ત્રીના વસવાટથી જ મકાન. ''ઘર'' બને છે. બહેનો આટલા વિચક્ષણ ગુણો અને શક્તિઓનું ભાથુ હોવા છતાં આપણે શા માટે આપણા મનને દયામણી ગણીએ છીએ? કોઈ પણ કામ એવું નથી કે જે સ્ત્રી ન કરી શકે. રાષ્ટ્રિયકક્ષાના એવોર્ડ્ઝ મેળવી ગુજરાતનું નામ સમગ્ર ભારતમાં રોશન કરનાર ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડમાં સેવા આપવી એ પણ એક ગૌરવપ્રદ બાબત છે. આપણામાંના જ એક ઉચ્ચ અધિકારી શ્રીમતી છાયાબહેન દેસાઈને મળેલ ''હુમન ઈન પાવર સેક્ટર'' એવોર્ડ ઘણું બધું કહી જાય છે. જે સંસ્થાએ સમાજમાં ઉન્નત મસ્તકને જીવી શકીએ તે માટે આર્થિક સુરક્ષાકવચ પૂરું પાડ્યું છે તેથી યશસ્વી સફળતામાં યોગદાન કરીને રચનાત્મક પ્રવૃત્તિઓ થકી યુજીવીસીએલ વીજળીવેગે પ્રગતિ કરે અને વધુ ને વધુ એવોર્ડ પ્રાપ્ત કરે તેના માટે સંકલ્પબદ્ધ થઈએ અને તેને સિદ્ધ કરવામાં પૂરી ખંત અને વફાદારી પૂર્વક સાથ આપીએ અને સિદ્ધ કરી બનાવીએ કે નારી... તુ... ના... હારી... ■

**સુવિચાર :**

*બીજાની ભૂલ કાઢવા માટે ભેજું જોઈએ*
*અને*
*પોતાની ભૂલ સ્વિકારવા માટે કલેજું જોઈએ*

## આપણું નિરંતર ધ્યેય : કાર્યસ્થળે મહિલાઓની ભાગીદારીને સતત પ્રોત્સાહન અને તેમનું સતત સન્માન!




સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**

UGVCL

આપણું
# યુજીવીસીએલ

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.

cs@ugvcl.in
managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in
cccell@ugvcl.com